August 04, 2026

To,

BSE Limited	**National Stock Exchange of India Limited**
Dept. DSC_CRD	Exchange Plaza,
Phiroze Jeejeebhoy Towers,	Plot No. C/1, 'G' Block,
Dalal Street	Bandra- Kurla Complex,
Mumbai 400 001	Bandra ('E'), Mumbai 400 051
BSE Scrip Code: **506222**	NSE Symbol: **STYRENIX**

Sub: Intimation under regulation 30 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('Listing Regulations') – Newspaper Publication

Dear Sir/ Madam,

Pursuant to Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed copies of notices published in the newspapers i.e. Vadodara Samachar and Business Standard on August 04, 2026 for attention of the Equity Shareholders of the Company in respect of information regarding 53rd Annual General Meeting scheduled to be held on Thursday, August 27, 2026 through video conferencing/other audio-visual means.

Kindly take the same on your record.

Thanking You,

Yours faithfully,

For **Styrenix Performance Materials Limited**

CHINTANKUMAR SURESHCHANDRA DOSHI

Digitally signed by CHINTANKUMAR SURESHCHANDRA DOSHI
Date: 2026.08.04 17:31:13 +05'30'

Chintan Doshi
Manager – Legal & Company Secretary

Encl : As above

Styrenix Performance Materials Limited
(formerly known as INEOS Styrolution India Ltd.)
Registered Office
9th Floor, 'SHIVA', Sarabhai Compound, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi, Vadodara - 390 023.Gujarat, India.
+91 265-2303201/02
secshare@styrenix.com
www.styrenix.com
CIN : L25200GJ1973PLC002436

જી. વી. સુનીલ કુમારે નાબાર્ડ, ગુજરાતનો કાર્યભાર સંભાળ્યો

● અમદાવાદ, તા. 3

નાબાર્ડની ગુજરાત પ્રાદેશિક કચેરીના 'ઓફિસર-ઈન-ચાર્જ' (પ્રભારી અધિકારી) તરીકેનો કાર્યભાર જી. વી. સુનીલ કુમારે સંભાળી લીધો છે.આ અગાઉ, જી. વી. સુનિલ કુમાર નાબાર્ડની મુખ્ય કચેરીમાં માહિતી ટેકનોલોજી વિભાગમાં ચીફ જનરલ મેનેજર તરીકે નિયુક્ત હતા. સુનીલ કુમાર બીઈટીએસ પિલાનીમાંથી કેમિકલ એન્જિનિયરિંગના સ્નાતક તથા ગણિતમાં અનુસ્નાતકની પદવી તેમજ એટઆર અને માર્કેટિંગમાં એમબીએની ડિગ્રી ધરાવે છે; તેમનો નાબાર્ડ ખાતે આઈટી, એચઆર, કૃષિ અને બિન-કૃષિ વિકાસ તથા સહકારી ક્ષેત્રોમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે.

ગુજરાત પ્રાદેશિક કાર્યાલયનો કાર્યભાર સંભાળતા પહેલાં, સુનીલ કુમારે જયપુર, પોર્ટ બ્લેર અને પુણે ખાતેના નાબાર્ડના પ્રાદેશિક કાર્યાલયોમાં તેમજ મુંબઈ સ્થિત મુખ્ય કાર્યાલયમાં કામ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે રાયબરેલી, ઉત્તર પ્રદેશમાં જિલ્લા વિકાસ વ્યવસ્થાપક અને મેંગલુરુ સ્થિત બેંકર ગ્રામીણ વિકાસ સંસ્થાન (બીઆઈઆરડી)માં ફેકલ્ટી સભ્ય તરીકે પણ સેવાઓ આપી છે.

જી. વી. સુનિલ કુમારે નાબાર્ડ , ગુજરાતના 'ઓફિસર-ઈન-ચાર્જ' તરીકે બી. કે. સિંઘલનું સ્થાન લીધું છે, જેઓ ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ નિવૃત્ત થયા હતા. નાબાર્ડ , ગુજરાતના પ્રભારી અધિકારી તરીકે, સુનીલ કુમાર સરકારની પ્રાથમિકતાઓને અનુરૂપ કૃષિ અને ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન આપવાની દિશામાં કાર્ય કરશે.

જાંબુઘોડાના મહુડી બોર ઝરી ફળિયામાં ૫ વર્ષથી પુલ ના બનતા ૧૫૦થી વધુ લોકો સંપર્કવિહોણા

● જાંબુઘોડા, તા. 3

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાની જબાણ ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવેલા મહુડી બોર ઝરી ફળિયાના ગ્રામજનો છેલ્લા પાંચ વર્ષથી નાળા પર કાયમી પુલ બનાવવાની માંગ કરી રહ્યા છે. પરંતુ અનેક વખત રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ હકારાત્મક કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ગ્રામજનોના જણાવ્યા મુજબ ઝરી ફળિયાને જોડતો નાળો વરસાદી મોસમમાં પાણીથી છલકાઈ જાય છે. પરિણામે ગામના આશરે ૧૫૦થી વધુ લોકોનો રોજિંદો સંપર્ક તૂટી જાય છે. નાળામાં પાણી ભરાઈ જતાં વિદ્યાર્થીઓ શાળાએ જઈ શકતા નથી, જ્યારે ખેડૂતો, મજૂરો અને અન્ય લોકોને પણ રોજિંદા કામકાજ માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે છેલ્લા પાંચ વર્ષથી સરપંચ સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી રહી છે. જોકે સરપંચ દ્વારા ઉપરથી ગ્રાન્ટ ન મળવાનું કારણ દર્શાવવામાં આવે છે. પરંતુ ગ્રામજનોનું કહેવું છે કે માત્ર આશ્વાસનોથી સમસ્યાનો ઉકેલ આવતો નથી અને દર વર્ષે વરસાદ શરૂ થતાં જ મુશ્કેલીઓ ફરી ઊભી થાય છે.હાલની સ્થિતિમાં છેલ્લા ૧૫ દિવસથી વિદ્યાર્થીઓ શાળાએ જઈ શક્યા નથી. શિક્ષણ પર તેની સીધી અસર પડી રહી છે. ગ્રામજનોએ જણાવ્યું કે ગયા વર્ષે પણ લગભગ ૨૦થી ૨૫ દિવસ સુધી નાળામાં પાણી ભરાયેલા હોવાથી બાળકોને ઘરે જ રહેવું પડ્યું હતું. દર વર્ષે આવું જ દૃશ્ય સર્જાતું હોવાથી બાળકોના અભ્યાસને મોટું નુકસાન થઈ રહ્યું છે.

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ -છોટાઉદેપુર-ઝોઝ-કેવડી માર્ગની સમારકામની કામગીરી પૂર્ણ

● છોટાઉદેપુર તા. 3

છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ માર્ગ કવાંટ-છોટાઉદેપુર-ઝોઝ- કેવડી રાજ્ય ધોરી માર્ગ નં. ૬૨ પર જામલી ગામ નજીક માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ દ્વારા તાત્કાલિક સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. ટીમ દ્વારા દિવસ-રાત સતત કામગીરી હાથ ધરવામાં આવી હતી. નાગરિકોની સુરક્ષા અને વાહનવ્યવહાર અવિરત રહે તે માટે રાત્રિના સમયે પણ યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી કરીને માર્ગને ઝડપથી સુરક્ષિત અને સુગમ બનાવવામાં આવ્યો હતો. બીજી તરફ નસવાડી - ભાખા - કવાંટ રોડ પર વરસાદના કારણે ધોવાયેલ રસ્તાના સાઈડ શોલ્ડરનું યુદ્ધના સમારકામ કરાયુ) નસવાડી - ભાખા - કવાંટ રોડ પર ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે રસ્તાના સાઈડ શોલ્ડરનું ધોવાણ થયું હતું. ઘટનાની જાણ થતાં વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળ પર પહોંચીને સમારકામની કામગીરી શરૂ કરી સંભવિત અકસ્માતો અટકાવી શકાય તે હેતુથી માર્ગના સુધારણાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

હારોલ્ડ ડી'સૂઝાઃ ક્યારેય હાર ન માનનાર વ્યક્તિ – માનવ તસ્કરીના પીડિતથી પેન્ટાગોન દ્વારા સન્માનિત વૈશ્વિક પ્રેરણાસ્ત્રોત સુધી

● વોશિંગ્ટન, ડી.સી. તા. 3

કેટલાક લોકોની જીવનયાત્રા સુખ-સુવિધાથી શરૂ થાય છે, જ્યારે કેટલાકની યાત્રા અસહ્ય પીડા અને અંધકારમાંથી શરૂ થાય છે. હારોલ્ડ ડી'સૂઝાનું જીવન આધુનિક ગુલામીના અંધકારમાંથી શરૂ થયું, પરંતુ અડગ શ્રદ્ધા, અવિચળ હિંમત અને અદમ્ય સંઘર્ષશક્તિના બળે તે આજે સમગ્ર વિશ્વ માટે આશાનું પ્રતીક બની ગયું છે.

ગુલામીથી સફળતા સુધી, શૂન્યથી શિખર સુધી અને ધૂળમાંથી ગૌરવ સુધીની તેમની સફર એ જીવંત સાબિતી છે કે કોઈપણ વ્યક્તિ તેના જીવનની સૌથી ખરાબ પરિસ્થિતિથી ઓળખાતી નથી. આજે તેમનું જીવન લાખો લોકોને વિશ્વાસ અપાવે છે કે શ્રદ્ધા, ધીરજ અને જીવનનો હેતુ દુઃખને સેવા અને સંઘર્ષને સફળતામાં પરિવર્તિત કરી શકે છે.

૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ હારોલ્ડ ડી'સૂઝાને યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ દ્વારા વોશિંગ્ટન ડી.સી. સ્થિત પેન્ટાગોન ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ વોર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ આમંત્રણ માનવ તસ્કરી સામેની તેમની અસાધારણ સેવા, સર્વાઈવર આધારિત નેતૃત્વ અને માનવ ગૌરવના રક્ષણ માટેના અવિરત યોગદાનની રાષ્ટ્રીય માન્યતા હતી. તેમની ઉપસ્થિતિએ એ વાતને વધુ મજબૂત બનાવી કે માનવ તસ્કરી સામેની અસરકારક લડતમાં સર્વાઈવર્સના અનુભવો અને અવાજનું અમૂલ્ય સ્થાન છે.

Combating Trafficking in Persons (CTIP) કાર્યક્રમ દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા સર્વાઈવર એડવોકેટ, માનવ અધિકાર ચેમ્પિયન અને પ્રેરણાદાયી વક્તા હારોલ્ડ ડી'સૂઝાને આધુનિક ગુલામીના ઉન્મૂલન અને વિશ્વભરના સર્વાઈવર્સના સશક્તિકરણ માટેના તેમના જીવનભરના સમર્પણ બદલ સન્માનિત કરવામાં આવ્યા.

આ સન્માન લિન્ડા કે. ડિક્સન, ડિરેક્ટર, Combatting Trafficking in Persons Office, Department of Defense, દ્વારા અર્પણ કરવામાં આવ્યું. તેમણે હારોલ્ડના દૃઢ નેતૃત્વ, સર્વાઈવર-કેન્દ્રિત અભિગમ અને અમેરિકામાં તથા વિશ્વભરમાં નાગરિકો, નેતાઓ અને સંસ્થાઓને જાગૃત કરવાની તેમની અવિરત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

હારોલ્ડ અને તેમની પત્ની ડાન્સી ડી'સૂઝાએ મળીને *Eyes Open International (EOI)*ની સ્થાપના કરી. આ સર્વાઈવર સંચાલિત બિનનફાકારક સંસ્થા માનવ તસ્કરીની રોકથામ, સર્વાઈવર્સના સશક્તિકરણ, સમાજમાં જાગૃતિ અને નિઃશબ્દ બનેલા લોકોને ફરીથી આશા આપવાના કાર્ય માટે સમર્પિત છે.

ભારતીય મૂળના અમેરિકન દંપતીએ પોતાના જીવનની અકલ્પનીય દુઃખદ ઘટના ને વૈશ્વિક માનવતાવાદી આંદોલનમાં પરિવર્તિત કરી છે, જે આજે સરકારો, શૈક્ષણિક સંસ્થાઓ, કાયદા અમલીકરણ એજન્સીઓ, ધાર્મિક સંસ્થાઓ, સૈન્ય નેતાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોને પ્રેરણા આપી રહ્યું છે.

હારોલ્ડનું જીવન અસાધારણ હિંમતનું પ્રતીક છે. શ્રમિક શોષણ, દેવાની ગુલામી, માનવ તસ્કરી અને અનેક વખત મળેલી જાનથી મારી નાખવાની ધમકીઓ છતાં તેમણે ડરને પોતાના ભવિષ્ય પર હાવી થવા દીધો નહીં. તેમણે કડવાશ કરતાં ક્ષમાને, પીડા કરતાં જીવનના હેતુને અને નિરાશા કરતાં આશાને પસંદ કરી.

આજે હારોલ્ડ વિશ્વભરમાં પ્રવાસ કરીને નીતિનિર્માતાઓ, સૈન્ય અધિકારીઓ, શિક્ષકો, આરોગ્ય વ્યવસાયીઓ, વિદ્યાર્થીઓ અને સામાજિક સંસ્થાઓ સમક્ષ પોતાના જીવનના અનુભવો વહેંચે છે. તેમના પ્રવચનો લોકોને માત્ર આંકડાઓ નહીં, પરંતુ દરેક માનવ તસ્કરીના કેસ પાછળ એક માનવીય જીવન, ગૌરવ, ન્યાય અને સ્વતંત્રતાની તીવ્ર જરૂરિયાત હોવાનું યાદ અપાવે છે.

તેમની પ્રેરણાદાયી જીવનકથાનું વધુ એક ગૌરવપૂર્ણ પ્રકરણ એ છે કે હાલમાં તેમના જીવન પર આધારિત બોલીવૂડ અને હોલીવૂડમાં ફિલ્મોનું નિર્માણ ચાલી રહ્યું છે. આ ફિલ્મો વિશ્વભરના દર્શકોને તેમની અસાધારણ સંઘર્ષયાત્રા, હિંમત અને માનવ તસ્કરી સામેના તેમના જીવનમિશનથી પ્રેરિત કરશે તથા આવનારી પેઢીઓને માનવ ગૌરવ અને સંવેદનશીલ લોકોના રક્ષણનું મહત્વ સમજાવશે.

૨૦૨૩માં હારોલ્ડ ડી'સૂઝાને પ્રતિષ્ઠિત યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ હીરો એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ સન્માન તેમને માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણાના ૩૦ કલમોના પ્રચાર અને સંરક્ષણ માટેના તેમના અવિરત યોગદાન બદલ આપવામાં આવ્યું હતું.

તેમણે યુનાઈટેડ સ્ટેટ્સ એડવાઈઝરી કાઉન્સિલ ઓન હ્યુમન ટ્રાફિકિંગના સભ્ય તરીકે પણ સેવા આપી હતી. તેમની પ્રથમ નિમણૂક અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પ દ્વારા તેમની પુનઃનિમણૂક કરવામાં આવી હતી. બંને પક્ષોના આ વિશ્વાસથી તેમના અનુભવ, પ્રામાણિકતા અને સર્વાઈવર આધારિત નીતિગઠનમાં તેમની અનોખી ભૂમિકાની પુષ્ટિ થાય છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે અસંખ્ય સન્માનો પ્રાપ્ત કર્યા હોવા છતાં હારોલ્ડ આજે પણ પોતાનો પરિચય ખૂબ જ નમ્રતાથી "હું એક સામાન્ય માણસ, નિષ્ફળ વ્યક્તિ અને પાપી છું" એમ આપે છે. પરંતુ તેમને ઓળખનારા લોકો જાણે છે કે ઈશ્વરની કૃપાએ એક સામાન્ય વ્યક્તિને અસાધારણ સેવક નેતામાં પરિવર્તિત કરી દીધા છે.

સુરત મહાનગરપાલિકાએ બાકી રહેલા મકાનો તોડવાની હાલ કાર્યવાહી નહીં કરવા કોર્ટમાં બાંહેધરી આપી

સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં અરજદારોને રાહત, નોટિસ આપવા હાઈકોર્ટની ટકોર

● અમદાવાદ, તા.3

સુરતના નાસીરનગરમાં ભૂતિયા ડિમોલિશનની કાર્યવાહીના ડરથી હાઈકોર્ટ પહોંચેલા અરજદારને મોટી રાહત મળી છે. હાઈકોર્ટ દ્વારા બાકી રહેલા મકાનોને તોડવાની કામગીરી પૂર્વે નોટિસ પાઠવવા તેમજ સંપૂર્ણ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવા ટકોર કરી છે. હાઈકોર્ટમાં નાસીરનગર ડિમોલિશન મામલે મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટ દ્વારા અપાયેલા આ મહત્વના આદેશથી હાલમાં બાકી રહેલા મકાનોને તોડવાનું કામ હાથ નહીં ધરાય. સુરત મહાનગરપાલિકાએ પણ બાકી રહેલા મકાનો સામે હાલ કોઈ ડિમોલિશનની કાર્યવાહી નહીં કરવામાં આવે તેવું કોર્ટને જણાવ્યું હતું.

સુરતના ચર્ચીત નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ સૂચના આપી છે કે જો ભવિષ્યમાં કોઈ મકાન સામે કાર્યવાહી કરવાની જરૂર પડે તો સૌપ્રથમ સંબંધિત મિલકતધારકોને નોટિસ આપવી પડશે અને કાયદા મુજબની સંપૂર્ણ પ્રક્રિયાનું પાલન કર્યા બાદ જ આગળના પગલાં ભરવાના રહેશે. સુપ્રીમ કોર્ટના દિનાનિર્દેશોનું પાલન કરીને સમગ્ર કામગીરી કરવાની રહેશે. નાસિરનગરના બાકી રહેલા મકાનોના માલિકોએ સંભવિત ડિમોલિશન સામે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજદારોનો આક્ષેપ હતો કે કાયદેસરની પ્રક્રિયા વિના કાર્યવાહી થવાની શક્યતા હોવાથી તેમને ન્યાયિક સુરક્ષા આપવામાં આવે.

સુરત મનપાએ આ મામલે કોર્ટને જણાવ્યું હતું કે, હાલમાં વધુ ડિમોલિશનનો તેમનો કોઈ ઈરાદો નથી. બાકી રહેલા મકાનો તોડવાની કામગીરી હાલમાં નહીં કરવામાં આવે તેવી બાંહેધરી પણ કોર્ટને આપવામાં આવી હતી. કોર્ટે આ બાહેંધરીને નોંધ પર લીધી હતી અને અરજીનો નિકાલ કર્યો હતો.

અરજદારો તરફથી એડવોકેટ ઝમીર શેખે દલીલો રજૂ કર્યા બાદ હાઈકોર્ટે સુરત મહાનગરપાલિકાને કાયદાની જોગવાઈઓનું કડક પાલન કરીને જ કાર્યવાહી કરવા સૂચના આપી છે. આ આદેશથી હાલ માટે નાસિરનગરના બાકી રહેલા મકાન માલિકોને રાહત મળી છે, જ્યારે આગામી કાર્યવાહી સંપૂર્ણપણે કાયદેસરની પ્રક્રિયા અનુસાર જ થશે.

ઓર્ગન ડોનેશન ક્ષેત્રે ગુજરાતની ત્રણ સરકારી હોસ્પિટલોનો સમગ્ર ભારતમાં ડંકો



● અમદાવાદ, તા. 3

ગુજરાતે અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'નેશનલ ઓર્ગન ડોનેશન ડે' નિમિત્તે યોજાયેલા '૧૬મા ઈન્ડિયન નેશનલ ઓર્ગન ડોનેશન ડે' સમારોહમાં ગુજરાતને ત્રણ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.

આ એવોર્ડ અંગે વધુ માહિતી આપતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, અંગ પ્રત્યારોપણ ક્ષેત્રે દેશભરમાં અગ્રણી સ્થાન ધરાવતી આઈકેડીઆરસી સંસ્થાને "એક્સેલન્સ ઈનલિડીંગ ગવર્નમેન્ટ હોસ્પિટલ ઈન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ " એવોર્ડ, મૃત દાતાઓમાંથી સફળતાપૂર્વક અંગોના રીટ્રીવલ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલને *"બેસ્ટ નોન-ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગન રિટ્રિવાઈવ્ડ સેન્ટર (એનટીઓઆરસી) *નો એવોર્ડ તેમજ બ્રેઈન સ્ટેમ ડેથની સમયસર ઓળખ, સ્વજનોનું સંવેદનશીલ કાઉન્સેલિંગ અને વૈજ્ઞાનિક પ્રક્રિયા માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલને *"બેસ્ટ બ્રેઈન સ્ટેમ ડેથ ટીમ "*નો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ બદલ તમામ તબીબી સ્ટાફને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ અભિનંદન પાઠવ્યા હતાં.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૫ દરમિયાન આઈકેડીઆરસી-અમદાવાદ ખાતે કુલ ૫૯૭ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા, જેમાં ૫૦૨ કિડની, ૮૬ લિવર અને ૯ પેંક્રિયાસ ટ્રાન્સપ્લાન્ટનો સમાવેશ થાય છે. આ પૈકી પીએમ-જય યોજના હેઠળ ૩૮૦ દર્દીઓને વિનામૂલ્યે ટ્રાન્સપ્લાન્ટનો લાભ મળ્યો છે. અહીં સારવાર મેળવતા દર્દીઓમાંથી ૩૪% દર્દીઓ અન્ય રાજ્યોના હોય છે, જે સંસ્થાની રાષ્ટ્રીય વિશ્વસનીયતા દર્શાવે છે.

વધુમાં, અમદાવાદ સિવિલ હોસ્પિટલે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૦૪ બ્રેઈન સ્ટેમ ડેથ કેસો પૈકી ૪૮ મૃત દાતાઓ દ્વારા ૧૭૧ જીવનદાયી અંગો અને ૩૪ ટિશ્યૂનું સફળ રીટ્રીવલ કરીને અનેક દર્દીઓને નવજીવન આપ્યું છે. આ ઉપરાંત, નવી સિવિલ હોસ્પિટલ, સુરતની ટીમે વર્ષ દરમિયાન ૮૨ બ્રેઈન સ્ટેમ ડેથ કેસોનું સફળતાપૂર્વક સર્ટિફિકેશન કરીને અંગદાનની પ્રક્રિયાને ઝડપી અને વધુ અસરકારક બનાવી છે.

આરોગ્ય વિભાગ, સોટ્ટો ગુજરાત અને સરકારી હોસ્પિટલોના સુદૃઢ સંકલન, અદ્યતન ટેક્નોલોજી તથા તબીબોની નિષ્ઠાના પરિણામે આજે ગુજરાત દેશમાં અંગદાન ક્ષેત્રે એક 'રોલ મોડેલ' બનીને ઉભરી આવ્યું તેમ મંત્રી પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું.

અમદાવાદમાં રીક્ષાચાલકોનું CNG ભાવવધારા સામે ૫ અને ૬ ઓગસ્ટે બે દિવસીય હડતાલનું એલાન

● અમદાવાદ, તા.3

અમદાવાદ શહેરમાં સતત વધી રહેલા CNG ગેસના ભાવોને લઈને રીક્ષા ચાલકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગેસના ઊંચા ભાવોના કારણે રીક્ષા ચાલકોની રોજીરોટી પર ગંભીર અસર પડી રહી છે અને તેમની આર્થિક સ્થિતિ કથળી રહી છે. સરકાર અને સક્ષમ તંત્રનું આ ગંભીર સમસ્યા તરફ ધ્યાન દોરવા માટે રીક્ષા યુનિયન દ્વારા આગામી ૫ અને ૬ ઓગસ્ટના રોજ બે દિવસીય હડતાલ પાડવાનું સત્તાવાર એલાન કરવામાં આવ્યું છે.આ બે દિવસીય હડતાલના કારણે શહેરના લાખો દૈનિક મુસાફરો અને નોકરીયાત વર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. સાર્વજનિક પરિવહન પર નિર્ભર રહેતા નાગરિકો માટે રીક્ષા સેવા બંધ રહેવાથી અવરજવર અટકી જશે. આ અગવડથી બચવા માટે પ્રવાસીઓને અગાઉથી જ પોતાની મુસાફરી માટે કોઈ અન્ય વૈકલ્પિક વ્યવસ્થાઓ કરી લેવાની ખાસ સલાહ આપવામાં આવી છે.

રીક્ષા ચાલકોના યુનિયનનું સ્પષ્ટ માનવું છે કે જો CNG ના ભાવોમાં રાહત નહીં આપવામાં આવે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. તંત્ર દ્વારા આ મુદ્દે વહેલી તકે કોઈ સંતોષકારક ઉકેલ ન લાવવામાં આવે તો સામાન્ય જનતાની મુશ્કેલીઓમાં વધુ વધારો થઈ શકે છે.

મોતીનગર અને વેણીયાપુરા ગામોમાં પશુ ચિકિત્સા ટીમ દ્વારા ચેપી રોગો અટકાયત કામગીરી હાથ ધરાઇ

● વડોદરા, તા.3

જિલ્લા પંચાયત વડોદરાના પશુપાલન વિભાગ દ્વારા પશુ આરોગ્ય સુરક્ષા ઝુંબેશ અંતર્ગત આજે મોતીનગર અને વેણીયાપુરા ગામોમાં પશુ ચિકિત્સા ટીમ દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બીમાર પશુઓની સ્થળ પર જ તપાસ કરી તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, પશુઓમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા અને ચેપી રોગો અટકાવવાના ભાગરૂપે પશુઓને કૃમિનાશક દવાઓનું વિતરણ તેમજ ગળસુંઠા રોગ વિરોધી રસીકરણની કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

● અમદાવાદ, તા. 3

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. રાજ્યના અમુક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે, જ્યારે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ સાથે હળવો વરસાદ પડી શકે છે. તટીય વિસ્તારોમાં દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાશે. હાલ માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. મોનસૂન ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે વરસાદી માહોલયથાવત રહેવાની સંભાવના છે. દરમિયાનમાં આજે વરસાદે શ્વાસ લેતા રાજ્યમાં મોટા ભાગના વિસ્તારો કોરા રહ્યા હતા. આજે સાંજે છ વાગ્યા સુધીમાં ૬૩ તાલુકાઓમાં એક ઈંચ કરતા ઓછો વરસાદ પડ્યો હતો.બીજી બાજુ હવામાન નિષ્ણાતના અનુસાર ગુજરાતમાં ફરી ૫ દિવસ બાદ એટલે કે ૮ ઓગસ્ટથી બંગાળના ઉપસાગરમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે, જેના કારણે ૮થી ૧૨ ઓગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ શકે છે.

વિજેતાઓને પુરસ્કાર તેમજ બાલિકાઓને હાઈજીન કીટનું વિતરણ કરાયું

છોટાઉદેપુરના હરપાલપુરાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની ઉજવણી કરાઈ

● છોટાઉદેપુર, તા. 3

રાજ્યભરમાં યોજાઈ રહેલા "નારી વંદન ઉત્સવ" અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, છોટાઉદેપુરના ઉપક્રમે છોટાઉદેપુર તાલુકાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય હરપાલપુરા ખાતે "બેટી બચાવો, બેટી પઢાવો" દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે છોટાઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રમેશભાઈ રાઠવાનો પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, દીકરીઓ સમાજનું ગૌરવ છે અને તેમનું શિક્ષણ તથા સુરક્ષા અત્યંત જરૂરી છે. તેમણે સરકારશ્રી દ્વારા દીકરીઓના ઉત્કર્ષ માટે ચલાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને દીકરીઓના હકો તથા અધિકારો અંગે ઉપસ્થિત સૌને સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે પૂર્વ આરોગ્ય ચેરમેનશ્રી ગુમાનભાઈ રાઠવાએ દીકરીઓના આરોગ્ય અને સ્વાસ્થ્યની જાળવણી પર ભાર મૂકતા વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓના નેતૃત્વ અને સશક્તિકરણ અંગે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. ડીસ્ટ્રીક્ટ મિશન કો-ઓર્ડિનેટર શ્રી દીતુભાઈ રાઠવા દ્વારા રાજ્ય સરકારની વિવિધ મહિલા વિષયક યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.શાળાની તેજસ્વી બાલિકા કુ. ગીતાબેન ધનસિંગભાઈ રાઠવા દ્વારા "બેટી બચાવો, બેટી પઢાવો" વિષય પર પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરી સમાજમાં દીકરીઓના જતન અને શિક્ષણ અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. દીકરીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુથી "બેટી બચાવો, બેટી પઢાવો" થીમ પર મહેંદી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ દીકરીઓની કલાત્મક કૃતિઓની સરાહના કરી હતી.

બંને સ્પર્ધામાં પ્રથમ ૩ ક્રમે વિજેતા થયેલ બાલિકાઓને વિશેષ મગ આપીને સન્માનિત કરવામાં આવી હતી.શિક્ષણને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે ધોરણ ૮, ૯ અને ૧૧માં શ્રેષ્ઠ પરિણામ મેળવી પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલી તેજસ્વી દીકરીઓને 'એજ્યુકેશન કીટ' અર્પણ કરવામાં આવી હતી. તેમજ દીકરીઓના આરોગ્ય અને વ્યક્તિગત સ્વચ્છતાને પ્રાધાન્ય આપતા શાળાની તમામ ૨૦૦ જેટલી બાલિકાઓને 'હાઈજીન કીટ'નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

વિધાનસભા મતવિસ્તારનું ચૂંટણી પરિણામ

● વડોદરા, તા.3

ગુજરાત વિધાનસભાની ૧૪૫-માંજલપુર વિધાનસભા મતવિસ્તારની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલા અધિકૃત ફોર્મ-૨૧ઈના પરિણામ મુજબ, ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર સતેન્દ્રભાઈ પટેલ (સતીષ પટેલ) વિજેતા જાહેર થયા છે. પરિણામની આંકડાકીય માહિતી મુજબ ભારતીય જનતા પાર્ટી ના વિજેતા ઉમેદવાર શ્રી સતેન્દ્રભાઈ પટેલ (સતીષ પટેલ)ને કુલ- ૫૫,૪૮૧ મતો મળ્યા છે. જેની સામેના ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ઉમેદવાર શ્રી ભીખાભાઈ રબારીને કુલ- ૨૪,૮૫૧ મતો મળ્યા છે.

- કુલ મતદારોની સંખ્યા: ૨,૧૯,૬૦૭
- કુલ માન્ય મતો : ૮૦,૩૩૨
- નોટા (NOTA - None of the above): ૨,૨૪૭
- રદ થયેલા મતો : ૧૨
- ટેન્ડર્ડ મતો (Tendered VOes): ૦

ચૂંટણી અધિકારી દ્વારા નિયમાનુસાર સતેન્દ્રભાઈ પટેલ (સતીષ પટેલ) સરનામુંઃ ૧૧, આધુનિક સોસાયટી, સરકારી દવાખાના પાછળ, છાણી, વડોદરા, ગુજરાત-૩૯૧૭૪૦ ને આ બેઠક માટે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

Bank of Baroda

Limbayat Branch : Plot No. 43, 44, 45, Subhash Nagar, Limbayat, Surat - 394210, Phone No. 0261-2279700.

POSSESSION NOTICE

Appendix - IV (See rule 8(1)) (For Immovable Property)

Whereas, The undersigned being the Authorised Officer of the **Bank of Baroda** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13 (12), 13 read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated **18/05/2026** calling upon the borrower **Mr. Vimalbhai Jagdishbhai Vasani (Borrower), Mrs. Pujaben Vimalbhai Vasani (Co-Borrower), Mr. Kuldeep Nathabhai Nathwani (Guarantor)** to repay the amount mentioned in the notice being **Rs. 21,83,733.88 (Rupees Twenty One Lakh Eighty Three Thousand Seven Hundred Thirty Three and Eighty Eight Paisa Only)** as on 13/05/2026 + un applied interest there on + Legal & other Expenses within 60 days from the date of receipt of the said notice.

The Borrowers having failed to repay the amount, notice is hereby given to the Borrowers and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the Security Interest (Enforcement) Rules, 2002 on this the **30th day of July of the year 2026.**

The Borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of **Bank of Baroda, Limbayat Branch** for an amount of being **Rs. 21,83,733.88/- (Rupees Twenty One Lakh Eighty Three Thousand Seven Hundred Thirty Three and Eighty Eight Paisa Only)** as on 13/05/2026 + un applied interest there on + Legal & other Expenses.

The Borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

DESCRIPTION OF THE IMMOVABLE PROPERTY

All right title and interest in Flat No. 501, Super built up area admeasuring about 1351.00 Sq. fts. Equivalent to 125.55 Sq. Mtrs. its built up area admeasuring about 811.00 Sq. fts. Equivalent to 75.37 Sq. Mtrs. on 5th Floor together with undivided proportionate share in Building constructed on Plot No. 19 (As per Plan plot No. 20) Known as "Shree Sagar" at Bhakti Dharma Township, situated on the Land bearing Revenue Survey No. 113/1 its Block No. 35 of Village - Jahagirabad, Sub District - Choryasi, District - Surat. Property in the Name of Mr. Vimalbhai Jagdishbhai Vasani, Mr. Pujaben Vimalbhai Vasani. **Bounded by :- North :** Passage, **East :** Plot No. 2, **South :** Margin, **West :** Road.

Sd/-,

Date : 30.07.2026, Place : Surat **Authorised Officer, Bank of Baroda, Surat**

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

Ring Road Branch: Jash Textile Market, Ring Road, Surat-395010.
Phone: 0261 2351774, Email ID: bo010210@pnb.bank.in

[See Rule 8(1)] POSSESSION NOTICE

Whereas,The undersigned being the Authorized Officer of the **Punjab National Bank** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of Powers conferred under Section 13 read with the (Rule 3) of Security Interest (Enforcement) Rules, 2002, issued a **Demand notice dated 20.12.2025 (also published in Business Standard (English edition) and Gujarat Mitra (Gujarati edition) on 03.01.2026)** calling upon the Borrower/mortgagor **Mr. Surendra Bahadur Sitaram Yadav and Guarantor Mr. Amit Kumar Bhanubhai Kumbhani** to repay the amount mentioned in the notice being **Rs 11,17,380.40 (Rupees Eleven Lac Seventeen Thousand Three Hundred Eighty and Paisa Forty Only) as on 30.11.2025 (including interest up to 29.11.2025)** with further interest and expenses within 60 days from the date of receipt of the said notice.

The Borrower/ Mortgagor /Guarantor having failed to repay the amount, notice is hereby given to the Borrower/ Mortgagor/Guarantor and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on this **02nd day of August of the year 2026.**

The Borrower / Mortgagor/Guarantor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Punjab National Bank** for an amount of **Rs.11,72,337.62 (Rupees Eleven Lac Seventy two Thousand Three Hundred thirty seven and Paisa sixty two Only) as on 30.07.2026 (including interest up to 30.07.2026).**

The borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

Description Of Immovable Property

"All that piece and parcel of property Plot No. 100 (As per KJP, Block No. 278/B/100), admeasuring area 53.33 sq. yards i. e. equivalent to 44.59 sq. mtrs with all rights of easement of all kinds appurtenant thereto, of housing Society named and known as "Sarthi Township" situated on land bearing Revenue Block No. 278/B of moje village Tantithaiya, Taluka Palsana, District Surat standing in the name of Mr. Surendra Bahadur Sitaram Yadav and **Bounded as follows: East**-Plot No. 101, **West:** Plot No. 099,**North:** Plot No. 135,**South:** Society Road;

Date: 02/08/2026 | Place: Surat **Authorized Officer, Punjab National Bank**

Bank of Baroda

Limbayat Branch : Plot No. 43, 44, 45, Subhash Nagar, Limbayat, Surat - 394210, Phone No. 0261-2279700.

POSSESSION NOTICE

Appendix - IV (See rule 8(1)) (For Immovable Property)

Whereas, The undersigned being the Authorized Officer of the **Bank of Baroda** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13(12), 13 read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated **28/08/2025** calling upon the borrower **Mrs. Mira Ramkripal Singh (Borrower) & Mr. Harshit Ramkripal Singh (Co-Borrower)** to repay the amount mentioned in the notice being **Rs. 11,23,448.50** as on 19/08/2025 + unapplied interest there on + legal & other charges within 60 days from the date of receipt of the said notice.

The Borrowers having failed to repay the amount, notice is hereby given to the Borrowers and the public in general that the undersigned has taken **Physical Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the Security Interest (Enforcement) Rules, 2002 on this the **02nd day of August of the year 2026.**

The Borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of **Bank of Baroda, Limbayat Branch** for an amount of being **Rs. 11,23,448.50** as on 19/08/2025 + unapplied interest there on + legal & other charges

The Borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

DESCRIPTION OF THE IMMOVABLE PROPERTY

All that right, title and interest in respect Immovable Property Plot No. 176 (After KJP known as Block No. 297/A/176) admeasuring about 43.21 Sq. Mts. and also undivided proportionate share admeasuring about 20.18 Sq. Mts. in Adjoining Road, Rasta and COP land totally land admeasuring about 63.39 Sq. Mts. of SHIV PARK, which is planned in Non-Agricultural Residential purpose land bearing Block/Survey No. 297/A of Village Sanki, Sub-District Palsana, District Surat. Property Belonging to Mrs. Mira Ramkripal Singh. **Bounded by :- East :** Adjoining Society Road, **West :** Adjoining Society Boundaries, **North :** Adjoining Plot No. 177, **South :** Adjoining Plot No. 175.

Date : 02.08.2026 Sd/-,
Place : Surat **Authorised Officer, Bank of Baroda, Surat**

SBI STATE BANK OF INDIA

Stressed Assets Recovery Branch : 2[nd] Floor, Samyak Status, Opp. D R Amin School, Diwalipura Main Road, Vadodara - 390007.

[See Rule-8(1)] **POSSESSION NOTICE** (For Immovable Property)

Whereas, The undersigned being the Authorised Officer of **State Bank of India, Stressed Asset Recovery Branch (SARB), 2nd Floor, "Samyak Status", Opposite D. R. Amin School, Diwalipura Main Road, Vadodara – 390007** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest [Act], 2002 and in exercise of powers conferred upon me under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules 2002, issued a Demand Notice dated **17/12/2024** calling upon the of borrower **Mr. Gokulesh Ajiram Sharma (Borrower) and Mrs. Sweta Gokulesh Ajiram Sharma (Co-Borrower)** to repay the amount mentioned in the notice being **Rs. 29,75,320/- (Rupees Twenty Nine Lakh Seventy Five Thousand Three Hundred Twenty Only)** as on 17.12.2024 less: recoveries thereafter together with further interest at the contractual rate on aforesaid amount together with incidental expenses, costs charges thereon within 60 days from the date of receipt of the said notice.

The Borrowers having failed to repay the amount, notice is hereby given to Borrowers, Legal Heirs (known-unknown), Legal Representatives (known-unknowns), Guarantor and the public in general that, the undersigned has taken **Physical Possession** of the properties described herein below in exercise of the powers conferred on him under Section 13 (4) of the said Act read with the Rule 8 of the said Rules and in compliance of **order dated 23.06.2026 by Hon'ble Chief Judicial Magistrate, Tapi at Vyara In CRMA No. 130/2026** under Section 14 of the said Act on this **2nd day of August, 2026.**

The Borrowers in particular and the public in general are hereby cautioned not to deal with the properties and any dealings with the property will be subject to the charge of **State Bank of India** for net amount of being **Rs. 29,75,320/- (Rupees Twenty Nine Lakh Seventy Five Thousand Three Hundred Twenty Only)** as on 17.12.2024 less: recoveries thereafter and accrued interest and cost etc till the date of payment and incidental expenses, costs, charges etc.

The Borrower's attention is invited to the provisions of sub-section (8) of section 13 of the SARFAESI Act, in respect of time available, to redeem the secured assets.

DESCRIPTION OF THE IMMOVABLE PROPERTY

All the piece and parcel of Immovable Property situated at Plot No. B-19, Dev Krishna Residency, Village - Gunsada, Tal. Songadh, Dist. Tapi, Admeasuring 101.47 Sq. Mtr. **Bounded by :- East :** House No. B/22, **West :** Society Road, **North :** House No. C/20, **South :** House No. B/18.

Date : 02/08/2026 Sd/-,
Place : Songadh **Authorised Officer, State Bank of India**

ANGEL ONE LIMITED

Regd. Off: 601, 6th Floor, ACKRUTI STAR, CENTRAL ROAD, MIDC, ANDHERI EAST, MUMBAI -400093
Centralized desk : 18001020 Email id : support@angelone.in
Member of : NSE / BSE / BSE REMISIER / MCX / MCX SX / NCDEX
Member IDs: NSE : 12798, BSE : 612, MCX : 12685,
NCDEX : 00220 SEBI Registration No: INZ000161534

NOTICE

This is to inform all concerned that we have initiated the process of cancellation of registration of our below mentioned Authorised Person (AP) due to regulatory reasons/concerns.

Name Of Authorised Person	Trade Name of AP	Address of AP	AP Registration No.
NATVARBHAI N JADAV	NATVARBHAI N JADAV	118,GOHEL FALI, SHELA AHMEDABAD GANDHINAGAR GUJARAT 382465	NSE : AP0397279501

Any person dealing with the above-mentioned Authorised Person henceforth shall do so at their own risk. **ANGEL ONE LTD.** shall not be liable for any dealings with the said entity post the issuance of this notice. Investors having any queries or concerns regarding this matter are requested to contact **ANGEL ONE LTD.** within **15 days** from the date of issuing this notice.

Date : 04.08.2026 **For ANGEL ONE LTD**
Place : GUJRAT Sd/-, Authorised Signatory

HINDUJA HOUSING FINANCE

Corporate Office: No. 167-169, 2nd Floor, Anna Salai, Saidapet, Chennai-600015
Branch Office: 3rd, Floor, IFFCO Bhavan, B/h. Maruti Complex,B/h. Pintoo Garment, Nr. Shivranjani Cross Road, Satellite, Ahmedabad-380015
Sachin Bhalekar M, 8779984037, Saurabhkumar Napit Mo.8790029384, Vikas Savariya Mo. 7984982904. E-mail auction@hindujahousingfinance.com

Physical Possession Notice - As per Appendix IV

